# પત્રક ભાગ-૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## મંગળવાર, તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

### ૨૪૮. નિયમ -૧૨૦ હેઠળનો સરકારી સંકલ્પઃ-

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૦ અન્વયે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તરફથી મળેલ નીચે મુજબનો સંકલ્પ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરેલ છે, જેને તા.૧૩/૦૨/૨૦૨૬ના નોટિસ પેપર ભાગ-૧, નંબર-૨થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સરકારી સંકલ્પને, તા.૧૩/૦૨/૨૦૨૬ના રોજ મળેલ કામકાજ સલાહકાર સમિતિએ સોમવાર, તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજ ચર્ચા માટે હાથ ધરવા માટે ૬૦ મિનિટનો સમય ફાળવેલ છે.**

“અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવવા માટે ભારતના સ્વતંત્ર સેનાનીઓ અંગ્રેજ સલ્તનતની સામે અહિંસક લડત આપી રહ્યા હતા. આ સમયે સાહિત્ય અને દેશભક્તિના રંગે રંગાયેલા શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચવામાં આવેલી કવિતા એટલે "વંદે માતરમ્". શ્રી બંકિમચંદ્રનું આ ગીત સૌ પ્રથમવાર પ્રસિધ્ધ બંગાળી નવલકથા "આનંદમઠ"માં સને ૧૮૮૨ માં પ્રસિધ્ધ થયું .

માતૃભૂમિને દેવી રૂપે આરાધે, તેની પવિત્રતા, સૌંદર્ય, સમૃધ્ધિ અને શૌર્યનું કાવ્યાત્મક વર્ણન એટલે "વંદે માતરમ્". આજ ગીતનું સંગીતબધ્ધ સ્વરૂપ શ્રી રવીન્દ્રનાથ ટાગોરે કર્યું. સમય જતાં આ ગીત આપણા સ્વતંત્ર સેનાનીઓ માટે આંદોલનની ગર્જના બની રહ્યું. શ્રી અરવિંદો ઘોષ, શ્રી બિપિનચંદ્ર પાલ, શ્રી લાલા લજપતરાય સહિત અનેક નામી અનામી ક્રાંતિકારીઓ માટે તે પ્રેરણા સ્ત્રોત બની રહ્યું.

આઝાદીની લડતના સંગ્રામના અંતે આપણો દેશ અંગ્રેજોની હકૂમતમાંથી સ્વતંત્ર થયો અને ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ની મધરાતે સ્વતંત્ર ભારતનો રાષ્ટ્રધ્વજ દિલ્હીના લાલ કિલ્લા પર લહેરાયો. આ ઐતિહાસિક ક્ષણોની સાક્ષી બનેલ વિરાટ જનસમુદાયે "વંદે માતરમ્"ના નારા સાથે સ્વતંત્રતાની અભિવ્યક્તિ અને ઉલ્લાસ વ્યક્ત કર્યો.

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે સને ૧૯૫૦માં "વંદે માતરમ્"ને રાષ્ટ્રગીતનો દરજ્જો આપ્યો. આ ગીત આજે આપણા રાષ્ટ્રના હૃદયનો ધબકાર બની ચૂક્યું છે.

સને ૧૮૭૫ માં લખાયેલા "વંદે માતરમ" ગાનને ૭મી નવેમ્બર ૨૦૨૫ના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થયા. આપણા દૂરંદેશી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સદરહુ ક્ષણોની રાષ્ટ્રવ્યાપી ઉજવણી થઈ રહી છે. વૈદિક વિચારસરણીને કારણે રાષ્ટ્ર આરાધનાનો મંત્ર બનેલુ "વંદે માતરમ" ગીત "મા" ભારતી માટે સમર્પિત રહી દેશવાસીઓને આદર્શ જીવન જીવવાનું ઉદાહરણ પુરું પાડે છે. "વંદે માતરમ્" એવો ક્રાંતિકારી મંત્ર છે જેનો ઉચ્ચારણ કરતા જ સૌ ભારતીયોના હૃદયના તાર રણઝણી ઉઠે છે.

"વંદે માતરમ્" ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીના ગૌરવમય અવસરને આપણે સૌ હૃદયથી વધાવીએ અને નવી ઉર્જા સાથે રાષ્ટ્રીય એકતાને અખંડ રાખવાનો સૌ સંકલ્પ કરીએ.”

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**